‘કૃપા’ પરિસંવાદ

વડાધર્મગુરુ ફ્રાન્સિસ ઘોષિત

લગ્ન અને પરિવાર

વિષયક પરિપત્ર

‘સમય અને નિરાંત સંબંધોનું ઓસડ છે.’

પ્રેમનો આનંદ

(Amoris Laetitia)

‘પારિવારિક પ્રેમનું મહિમાગાન’

ગુજરાત સાહિત્ય પ્રકાશ, આણંદ

Cover photo and design : Vjay BBN

‘સમય અને નિરાંત સંબંધોનું ઓસડ છે.’

Photo : Google

વડાધર્મગુરુ ફ્રાન્સિસ ઘોષિત
‘લગ્ન અને પરિવાર વિષયક પરિપત્ર’

(Amoris Laetitia) અર્થાત્ **‘પ્રેમનો આનંદ’** વિષય પર **પાવન હૃદય ‘દૂત’** દ્વારા આયોજીત **‘દૂત’ પરિસંવાદ**માં ‘દૂત’ના માનદ્‌તંત્રી **ફાધર ડો. વિનાયક જાદવ એસ.જે.** એ રજૂ કરેલ **બીજરૂપ વક્તવ્ય** અત્રે પ્રકાશિત કરીએ છીએ.

પાવન હૃદય

દૂત પરિસંવાદ

પ્રેમનો આનંદ

પારિવારિક પ્રેમનું મહિમાગાન

૧૮ સપ્ટેમ્બર, ૨૦૧૬
રોઝરી હાઈસ્કૂલ, વડોદરા.

GUJARAT SAHITYA PRAKASH ANAND

નિમંત્રક : ગુજરાત સાહિત્ય પ્રકાશ, આણંદ.

પારિવારિક પ્રેમનું મહિમાગાન

વડાધર્મગુરુ ફ્રાન્સિસ ઘોષિત લગ્ન અને પરિવારવિષયક ધર્મપત્ર : પ્રેમનો આનંદ

(The Joy of Love / Amoris Laetitia)

Photo : Google

Photo : Google

પ્રેમનો આનંદ

- ફાધર ડો. વિનાયક જાદવ એસ.જે.

નિબંધકાર દિગીશ મહેતા પોતાના નિબંધ 'હું અને દિવાલ'માં જીવનની ભીંસ વિશે કહે છે : "આંખો છે પણ પ્રકાશ નથી અને પાંખો છે પણ આકાશ નથી." લગ્ન અને પરિવાર અનુક્રમે જીવનની આંખો અને પાંખો છે. એકમાં જો પ્રકાશ ન હોય તો બીજાને આકાશ નથી હોતું. નામદાર વડાધર્મગુરુ ફ્રાન્સિસને લગ્ન અને પરિવાર જેવા વિધાયક વિષય પર એક ગહનશીલ ચિંતન 'પ્રેમનો આનંદ' નામના દસ્તાવેજરૂપે રજૂ કર્યું છે. તત્ત્વતઃ રોમમાં ભરાયેલી વિશ્વના ધર્મધ્યિક્ષોની બે મહાપરિષદોની એ ફળશ્રુતિ છે પરંતુ સાંપ્રત સમયમાં લગ્ન અને પરિવાર જીવનની હાકલ અને તેનું કર્તવ્ય (મિશન) શું છે? લગ્ન અને પરિવાર જીવન કેવા કેવા પડકારો ધરાવે છે? એ બાબતો પર આ ધર્મપત્ર પ્રકાશ ફેંકે છે.

કહેવાય છે કે લગ્ન પહેલાં તું મારો-તું મારી એવો પ્રેમભાવ હોય છે. લગ્નબાદ એ પ્રેમ મ્હારા-મ્હારી મટી જાય છે ને મારામારી બની જાય છે-એટલે કે સમસ્યાઓ સર્જાય છે. લગ્ન અને પરિવાર જીવનની એ સમસ્યાઓના સમુદ્રનું મંથન કરીને એમાંથી આનંદનું અમૃત કેવી રીતે તારવી શકાય એ જ આ ધર્મપત્રની દિશા છે. "પ્રેમનો આનંદ" દસ્તાવેજનાં નવ પ્રકરણોમાં લગ્ન અને પરિવારજીવનનું પોષક ભાથું છે. પ્રસ્તુત બીજરૂપ વક્તવ્યમાં આ પ્રકરણોની પ્રશ્ચાદભૂમાં લગ્ન અને પરિવારજીવનની સાંપ્રત સમસ્યાઓને છેડવાનો પ્રયાસ છે. સંન્યાસી છું એટલે પરણ્યો નથી પણ જાનમાં તો ગયો છું એ ન્યાયે સલાહસૂચન કે માર્ગદર્શન અર્થે આવતાં અનેક દંપતિઓ અને તેમની પારિવારિક સમસ્યાઓ આ વિચારોની પીઠિકા છે. secondary source ની રૂએ પણ એ રજૂ કરવાની હામ ભીડું છું- આપ સહુની સ્નેહાળ અનુમતિથી.

1. પ્રેમનો આનંદ :

દસ્તાવેજની પ્રસ્તાવનામાં જ નામદાર પોપ પરિપત્રનું પ્રયોજન જણાવે છે: "પરિવારોને તેમની દૈનિક જવાબદારીઓ અને પડકારોમાં પ્રોત્સાહન અને સહાય અર્થે" (ક્ર.૪.) આ દસ્તાવેજ તૈયાર કરવાનું મુનાસિબ લાગ્યું. દયાના વર્ષ નિમિત્તે લગ્ન અને પરિવાર જેવી ઈશ્વરની મહાન ભેટોનો

સ્વીકાર થાય અને તેમાં રહેલાં પ્રેમ, સમર્પણ, ઉદારતા, વફાદારી અને ધીરજ જેવાં મહામૂલ્યોના સિંચનથી તે સબળ બને તેમજ જ્યાં જ્યાં એ પ્રેમમાં કશીક ઉણપ છે અને પરિણામે પરિવારમાં શાંતિ અને આનંદનો અભાવ છે ત્યાં ત્યાં દયાનો લેપ લાગે. (ક્ર.૫.)

પ્રથમ પ્રકરણ લગ્ન અને પરિવારની બાઈબલ આધારિત ભૂમિકા બાંધે છે. બાઈબલમાં પરિવાર, જન્મ, પ્રેમ અને એમાં આવતી મુશ્કેલીઓની કથાઓ ભરપૂર છે. જે સઘળું આપણને કસોટી વેળાએ કામમાં આવે એવું છે! એમાં નાસરેથનો પવિત્ર પરિવાર તો સર્વ પરિવારોનો આદર્શ ગણાય. માતા મરિયમ પારિવારિક જીવનના પડકારોનો એના પર મનન કરતાં કરતાં કેવાં હિંમત અને ધૈર્યથી સામનો કરે છે તેનું ઉદાહરણ ગણાય. (ક્ર.૩૦)

બીજું પ્રકરણ આપણ માટે એથીય મહત્વનું છે. એમાં સાંપ્રત પારિવારિક જીવનના અનુભવો અને પડકારો છે. સવિશેષ ત્રણ સમસ્યાઓ પર આપણું ધ્યાન દોરવામાં આવ્યું છે : સૌ પ્રથમ છે આત્યંતિક વૈયક્તિકતા. લોભ અને મોહનાં અવમૂલ્યો આધારિત સંસ્કૃતિમાં પાંગરતાં સ્વાર્થ અને અહ્મનો લૂણો પારિવારિક જીવનને પણ લાગે છે. **"અમે" નું સ્થાન "હું" લે છે ત્યારે સમસ્યાઓ શરૂ થાય છે.** સહભાગીતા (sharing) ને સ્થાને સંગ્રહ(accumulation)ની સંસ્કૃતિએ આધુનિક માનવનો સામૂહિકતાના શિખર પર સ્થાપવાને બદલે વૈયક્તિકતાની ખાઈમાં ધકેલ્યો છે. **સ્વાતંત્ર્યની આંધળી દોટ બીજી સમસ્યા છે.** સ્વતંત્રતાનો ખ્યાલ સ્વછંદતા બની જાય ત્યારે સમસ્યા સર્જાય છે. પરિણામે લગ્નો ઘટવા માંડ્યાં છે. યુવા-યુવતીઓ લગ્નવિહિન એકાંગી જીવનમાં માનવા લાગ્યાં છે. પરિણામે લગ્નેતર એવા લિવ-ઈન સંબંધો પાંગરવા લાગ્યાં છે. એમાંથી સર્જાય છે એકાંગી માબાપ (Single Parenthood) ઘરાવતાં બાળકો. યુવા-યુવતીઓ લગ્નને બંધનકર્તા માનીને લગ્નપૂર્વેનું સ્વાતંત્ર્ય ભોગવી લેવા મોડા લગ્નોમાં માનવાને લીધે મોટી ઉંમરના લગ્નો પારિવારિક જીવનની આગવી સમસ્યાઓ ઊભી કરે છે. પ્રેમના ભાવભર્યા સંબંધોની બનેલી લગ્ન સંસ્થા યુઝ એન્ડ થ્રો સંસ્કૃતિનો ભોગ બની છે-મન ફાવે ત્યારે ત્વરિત સંબંધ બાંધી દેવા ને વસ્તુની પેઠે ભોગવીને તેને તોડી નાખવા. લગ્ન અને પરિવાર બંને ઉપભોકતા સંસ્કૃતિનો ભોગ બન્યાં છે. સ્વતંત્રતાના ખોટા ખ્યાલમાંથી આ અવસ્થા જન્મે છે. લગ્નની ઉણપભરી સમજ સમસ્યાઓનું ત્રીજું કારણ છે. આજીવન સમર્પણને બદલે હંગામી પ્રયોગનો ખ્યાલ લઈને આરંભાતા લગ્નજીવન પારિવારિક જીવનના પ્રપાતોને જીરવી શકતા નથી. નજીવી કસોટીઓ દંપતિઓને છુટાછુડાને આરે લાવીને મૂકી દે છે. **"લગ્ન અતૂટ સંબંધ છે"**ના ખ્યાલને નિર્દય જડતાપૂર્વક લેવાનો નથી તો સાથે સાવ હળવાશ અને અગંભીરતાપૂર્વક હસી કાઢવાનો પણ નથી. પશ્ચિમમાં લગ્નનો કાયમી કરાર હાસ્યાસ્પદ ગણાવા લાગ્યો છે.

લગ્નજીવનના સમસ્યાદર્શન બાદ પ્રકરણ-૨ સમસ્યાના ઉકેલ તરફ દોરી જાય છે. બાળઉછેર અત્યંત મહત્વનો સવાલ છે. તણાવભર્યા આધુનિક જીવનમાં સંતાનો માટે સમય અને શક્તિ ન હોવાં, સાથે ભોજન ન લેવું, જેવા વાતાવરણમાં સંતાનોને યોગ્ય શ્રદ્ધા-સંસ્કાર મળવા કઠિન થઈ જાય છે. ટેલિવિઝન અને હવે વોટ્સએપ, દારૂ કે જુગાર જેવાં વ્યસનોથી પણ દાંપત્ય તેમજ પારિવારિક જીવન ખંડિત થાય છે. કમ્યુનિકેશન ટેકનોલોજીના પલાયનવાદી ઉપયોગો સામે પણ નામદાર વડાધર્મગુરુ રાતી આંખ કરે છે.

તંદુરસ્ત બાળઉછેર સામે ખડાં થયેલાં ભયસ્થાનોમાં ખતરનાક એવી પારિવારિક હિંસા સામે પણ વડાધર્મગુરુએ લાલબત્તી ધરી છે. દંપતિ વચ્ચેના દીર્ઘકાલીન અબોલા, રોજિંદી ચડસાચડસી કે

બોલાચાલી કે પારિવારિક કલેશ-કજિયા-કંકાશની સંતાનોના માનસ પર પ્રત્યક્ષ-પરોક્ષ અને મૂક એવી વિપરીત અસર થતી હોય છે. પરિવાર હિંસાના ઉપદ્રવોની ધરૂવાડી બની જાય છે. **એકમેક પરત્વે ઉદાસીનતા, લઘુતમ વ્યવહારો, ઉમળકા કે સહકારનો અભાવ તેમજ ઘરબી દીધેલાં રીસ, ક્રોધ કે કડવાશ પારિવારિક જીવનને અંદરથી કોરી ખાતાં સક્ષમ વાયરસ છે.** નારીવાદી વિચારસરણીનો અભાવ અને પરિણામે પરિવારમાં પુરુષપ્રધાન વાતાવરણ પણ પરિવારને અંદરથી કોરી ખાય છે. પતિ-પત્નીના તેમ જ માતપિતા અને સંતાનો વચ્ચેના અરસપરસના વ્યવહારોમાં સતત પ્રવર્તતું છીછરાપણું લાંબાગાળે છુટાછેડા તરફ નહીં તો સંબંધોના શીર્ણવિશિર્ણ એવા નેટવર્ક તરફ દોરી જાય છે. જેમાં તેઓ પતિ-પત્ની મટીને કેવળ માતપિતા બની રહેવાના સંયોગો ઉભા થાય છે. જ્યારે બાળકની જિંદગીને કોર્ટ દ્વારા સમય બાંધી-બાંટીને માતૃપક્ષ અને પિતૃપક્ષમાં વહેરી નાખવામાં આવે છે ત્યારે એવી કલેશમય પરિસ્થિતિની પરાકાષ્ઠા આવે છે નારી પર થતા શાબ્દિક, શારીરિક કે જાતીય અત્યાચારો પારિવારિક જીવનને હાનિ પહોંચાડતી હિંસાનાં વરવા રૂપો છે.

કેટલાંક દેશોમાં લગ્ન સંસ્થાનું પરંપરાગત રૂપ જ સાવ બદલાઈ ગયું છે અને અવનવાં રૂપો અસ્તિત્વમાં આવ્યા છે. આત્માની એકરૂપતા અને અતૂટતા દ્વારા નવા જીવમાં પરિણમતાં ન હોય તેવાં વૈકલ્પિક રૂપો જેવાં કે લિવઈન રીલેશન, સમલૈંગિક લગ્નો લગ્ન અને પરિવાર જેવી સંસ્થાઓની ગરિમાને લાગેલ બટ્ટો છે. નર અને નારીના ભેદકત્વ અને પૂરકત્વનો સદંતર અનાદર કરતી નારીવાદી વિચારધારાઓ પણ લગ્ન અને પરિવારને હાનિ પહોંચાડે છે.

પ્રકરણ ૩ લગ્ન જીવનની એક હાકલ છે તે સમજાવતા ધર્મસભાના શિક્ષણની દસ્તાવેજી નોંધ છે. જે માહિતીદાયક છે. પ્રકરણ ૪ લગ્નના હાર્દ સમા પ્રેમનું મહિમાગાન છે, જે પ્રેરણાદાયક છે. પ્રકરણ પમાં પ્રેમના ફળ સ્વરૂપ પ્રજોત્પતિ તેમજ પરિવારનાં આધ્યાત્મિક-માનસિક પાસાંઓની ચર્ચા છે. પારિવારિક જીવનની સાંપ્રત સમસ્યાઓને સમજવામાં પ્રસ્તુત પ્રકરણ અત્યંત વિચારપ્રેરક છે. પ્રકરણ ૬ પરિવારોની સેવા સંભાળ રાખવા બાબતે વ્યવહારુ સૂચનો કરે છે તો કેટલાક પડકારો પણ ધરે છે. જેમ કે પરિવારોની સંભાળ લેવાની સજ્જતા કેળવાય તેવી તાલીમ પુરોહિતને આપવી જોઈએ. પ્રકરણ ૭ સંતાનોની કેળવણી વિશેનો અમૂલ્ય દસ્તાવેજ છે, જે પ્રત્યેક માતાપિતાઓએ વાંચવા જેવો છે. વડાધર્મગુરુ પૂછે છેઃ કેટલાં માતપિતા સંતાનોની વિકાસયાત્રાના સાથી-સંગાથી બની રહે છે? પ્રકરણ ૮માં લગ્ન તેમ જ પરિવાર જીવનની કેટલીક અપવાદરૂપ પરિસ્થિતિઓમાં દયાળું વલણ અપનાવીને સહુને લગ્ન અને પરિવારની ઈશ્વરી કલ્પના તરફ કેવાં દોરી જઈ શકીએ તે બાબતનું માર્ગદર્શન છે. સહુ પરત્વે સમજદારી એ જ વડાધર્મગુરુનું પાયાનું વલણ છે. છેલ્લું પ્રકરણ ૯, લગ્ન અને પરિવારની આધ્યાત્મિકતાનો અર્ક છે. આખરે, **લગ્ન અને પરિવાર એક જ અધ્યાત્મયાત્રાના બે પડાવો છે.** આ પ્રકરણોની સામગ્રીમાં વિગતે જવાનો અવકાશ અત્રે નથી પરંતુ એ સહુમાં વ્યકત થયેલા વિચારો કે સમસ્યાઓની ભૂમિકા આપણને આપણા લગ્ન અને પરિવાર જીવનનું અવલોકન કરવા પ્રેરે છે અથવા અવલોકનના માપદંડો પૂરા પાડે છે.

Photo : Google

નામદાર વડાધર્મગુરુ અનેક આધુનિક સમસ્યાઓથી ઘેરાયેલાં લગ્ન અને પરિવારને એમની ગરિમાવંત પરિપાટી પર પુનઃ સ્થાપવા સહુને અનુરોધ કરે છે. કહોને, **ખોવાયેલાં ઘેટાંને એક ભલા ગોવાળ બની પાછાં રસ્તે વાળવા સમજાવે છે. અહીં ઉપસ્થિત સર્વ વડીલોએ પોતાની પાછળ આવતી પેઢીને ભલા ગોવાળ માફક દોરવાની છે.**

ii. દામ્પત્ય તેમજ પારિવારિક જીવનને વિખંડિત કરતાં ભયસ્થાનો :

Photo : Google

૧. અનુરૂપ અધ્યાત્મબળનો અભાવ :

લગ્ન અને પરિવાર માનવજીવનનની અસાધારણ ઘટનાઓ છે. એમને સાર્થક કરવાં કશીક અલૌકિક શક્તિ માંગી લે છે. કેવળ માનવીય શક્તિ પર મદાર બાંધીને લગ્ન અને પરિવાર જીવનને અર્થપૂર્ણ બનાવી શકાતું નથી - એમાં ઉભા થતા પડકારોનો સામનો કરી શકાતો નથી- એમાં છુપાયેલા Heroic મૂલ્યોને ન્યાય આપી શકાતો નથી. અધ્યાત્મના આધાર વિના લગ્ન અને પરિવાર જીવન એક ટસરડો બની જાય છે ને છેવટે છિન્ન ભિન્ન થઈ જાય છે. પ્રાર્થના, શિબિર કે અંગત માર્ગદર્શનનાં માળખાંઓનો પૂરો લાભ લેનાર દંપતિ કે પરિવાર તોફાનો મધ્યે પણ સંસાર સાગરમાં વહેતી નાવ જેવો છે. છ family that prays together stays together. લગ્ન અને પરિવારોનો એક આંતરિક સ્ત્રોત હોવો જરૂરી છે. જેમાંથી વહેતો અખૂટ ઝરો કૂવામાં જ નહીં બલ્કે હવાડા સુધી પાણી ખેંચી લાવે છે. આ સ્ત્રોત વાંચન સ્વરૂપે કે વ્યક્તિ સ્વરૂપે, પ્રાર્થના સ્વરૂપે કે ધ્યાન સ્વરૂપે, ઉપદેશ સ્વરૂપે કે વ્યાખ્યાન સ્વરૂપે હોઈ શકે છે. લગ્ન-પરિવારના સંબંધોનું પોત આખરે અધ્યાત્મના તાણા અને વાણાથી વણાયેલું હોય છે. લગ્નજીવનને પણ યોગ્ય ડાયેટ પર રાખવું જરૂરી છે.

Photo : Google

૨) કમ્યુનિકેશનનો અભાવ :

દંપતિ અને પરિવારમાં કમ્યુનિકેશનનો કલ્ચર સભાનપણે અને સાયાસપૂર્વક ઉછેરેલો હોવો જોઈએ. દિવસને અંતે ભેગાં મળે ત્યારે સાહચર્યના કશાક નક્કર આચારો અને વ્યવહારો હોવાં જોઈએ જેવાં કે સાથે ફરવા જવું, સાથે ભોજન લેતાં લેતાં વાર્તાલાપ કરવો. ઘણી બધી સમસ્યાઓનું મૂળ સીધા સરળ કમ્યુનિકેશનનો કે તેની ચેનલોનો અભાવ હોય છે.

કયારેક કમ્યુનિકેશન થતાં હોય એવું માની લેવામાં આવે છે તો કયારેક ઊંધા કમ્યુનિકેશનની પણ શક્યતાઓ છે. શબ્દ દ્વારા થતાં કમ્યુનિકેશન કરતાં શબ્દ વિનાનાં કમ્યુનિકેશન અને બોડી લેંગ્વેજ પણ દામ્પત્યજીવન તેમજ પારિવારિક જીવનમાં સક્ષમ ભાગ ભજવે છે. કમ્યુનિકેશન ટેકનોલોજીએ દૂરનાંને નજીક આણ્યાં છે તો નજીકનાને દૂર ધકેલ્યાં છે. વ્યવહારોમાં પણ આત્મીયતા અને હૂંફને બદલે અનાત્મીયતા અને યાંત્રિકતાનું ચલણ પ્રવેશ્યું છે.

૩) ગતિપ્રધાન સંસ્કૃતિની આડઅસર :

ગતિ અને ત્વરિતતા આધુનિક યંત્ર -ઉદ્યોગ, વિજ્ઞાન અને ટેકનોલોજીની મહાન ભેટ છે. ઉત્પાદન અને હેરફેરમાં આવેલ ઝડપ અથવા ગતિએ સામાજિક જીવનને પણ અસર પહોંચાડી છે. માનવનો સ્વભાવ જ ઝડપીયો અથવા ઉતાવળિયો બની ગયો છે-પરિણામે સંબંધોમાં અધીરાઈ આવી છે. સંબંધોમાં આવેલી અધીરાઈને પગલે હંગામીપણું પ્રવેશ્યું છે. દ્રવ્યવાદી અને ઉપભોકતા સંસ્કૃતિના

નિરાંતભર્યા સમયના સિંચનથી જ
સંબંધનો છોડ લીલો બને છે.

Photos : Google

યુઝ એન્ડ થ્રો કલ્ચરે માનવસંબંધોને પણ ભરડામાં લીધા છે. પરિણામે અપરણિત યુવામિત્રતાઓમાં જોવા મળતાં 'બ્રેક અપ' જાણે કે દામ્પત્ય જીવનમાં આવનારાં ડીવોર્સનું એક રિહર્સલ બની જાય છે. સમય અને નિરાંત સંબંધોનું ઓસડ છે. **નિરાંતભર્યા સમયના સિંચનથી જ સંબંધનો છોડ લીલો બને છે.** પરંતુ નારીવાદી યુગમાં પતિ-પત્ની બંનેની નોકરી અને નોકરી પછીનો થાક એકબીજા માટેનો તેમજ સંતાનો માટેનો ક્વોલિટી સમય છીનવી લે છે. પત્ની જો નર્સ હોય તો તો ક્યારેક પતિ-પત્ની ને સંતાનો અઠવાડિયે જ ભેગાં થાય છે. પતિ જો બિઝનેસમેન હોય તો વળી પરિવારને ભેગાં મળીને ધંધાના ટેન્શનો જ ખોટરૂપે ખાવાનાં હોય છે. સંતાનો પણ ટ્યુશન તેમજ ઈતર પ્રતિભા વિકાસ પ્રવૃત્તિઓના ભાર તળે પરિવારમાં માત્ર થાક લઈને જ પ્રવેશતાં હોય છે. સરવાળે, પરિવારજીવન એટલે સહુના થાકનો ઢગલો અર્થાત એક નિરસ બોજમય અનુભવ બની જાય છે. નાની નાની ગેરસમજો કે લાગણીની કઠોરતાઓ કેવળ સમયના અભાવે ભેગી થતી જાય છે અને પરિણામે સંબંધોની તિરાડો ગાબડામાં પરિણમે છે. Stitch in time, saves nine. સમયના અભાવે સંતાનોના ઉછેરમાં પણ ઉણપ રહી જાય છે. પ્રેમના અભાવમાંથી અસલામતિના અંકુર ફૂટે છે, જે ભવિષ્યમાં ગુન્હાહીત માનસમાં પરિણમે છે. પરિવારમાંથી જ સંસ્કારરૂપે સાંપડતો જાત વિશેનો તંદુરસ્ત ખ્યાલ ભવિષ્યમાં આત્મગૌરવ અને આત્મવિશ્વાસ ખીલવે છે, તો જાત વિશેનો નબળો ખ્યાલ આત્મલાંછન અને ડર પેદા કરે છે. સમાજમાં જોવા મળતા આપઘાત પણ પારિવારિક વાતાવરણમાંથી જ પાંગરેલા ઘોર હતાશાના સંસ્કાર સૂચવે છે.

૪) વડીલોનું અહંકારી વર્ચસ્વ :

સામૂહિક સંસ્કૃતિના પ્રભાવ હેઠળ પાંગરતી આપણી કૌટુંબિક રચનામાં વડીલોના સ્થાન અને ભૂમિકા વર્ચસ્વભર્યાં હોય છે. લગ્ન ગોઠવી આપવાથી માંડીને સંતાનોનાં લગ્નજીવનની ચહલપહલ પર વડીલોની કશીક ચાંપતી નજર રહે છે. સવિશેષ, લગ્ન બે સ્વતંત્ર વ્યક્તિઓની સ્વૈચ્છિક રાયને બદલે વર અને કન્યા પક્ષના વડીલો વચ્ચેનો કશોક ભેદી મામલો બની રહે છે. એમાં આડખીલી રૂપ બને છે સામાજિક લેવડદેવડો. વહેવારોને નિમિત્ત બનાવીને વડીલો પોતાના અહ્મને સંતોષવામાં ક્યારેક સંતાનોના લગ્નજીવનને ભંગાણને આરે લાવીને મૂકી દે છે. કેટકેટલાં ભાંગી પડેલાં લગ્નોના પ્રશ્નો વડીલોની આખરી વિદાય બાદ આપોઆપ ઉકલી ગયા છે. સગાઈ બાદ કે જાન આવ્યા બાદના વ્યવહારોથી પડેલી ગૂંચ કે ઉભા થયેલા ખટરાગોથી દામ્પત્ય જીવન કાયમ માટે ખોડંગાયેલું રહે છે. ભલે ને દંપતિને એકબીજા સામે કોઈ જ વાંધો કે ફરિયાદ ન હોય. દામ્પત્યજીવન પશ્ચિમમાં જેટલો અંગત મામલો છે એટલો જ આપણે ત્યાં સામૂહિક મામલો હોવાથી લગ્ન બે પાત્રો વચ્ચેનો આત્મીય વ્યવહાર બની રહેવાને બદલે બે પરિવારો (ક્વચિત્ બે સમાજો) વચ્ચેનો જાહેર ખટલો બની જાય છે. આપણી જાણીતી ગુજરાતી કહેવત "હું અને મારી વહુ, એમાં આવે પાછાં સહુ" એ જ વાતની સાક્ષી પૂરે છે.

૫) મેરિટલ કે પેરેન્ટલ કાઉન્સેલીંગની વ્યવસ્થાનો અભાવ :

લગ્ન તેમજ પારિવારિક જીવનની જટિલ સમસ્યાઓમાં ગૂંચવાયેલું માનસ પોતાની મેળે એને ઉકેલવા અસમર્થ હોય છે. એમાં થર્ડ પાર્ટી અર્થાત કોઈક તટસ્થ નિરીક્ષકની કે માર્ગદર્શકની જરૂર રહે છે. આપણે ત્યાં આવો કાઉન્સેલીંગ કલ્ચર હજી જોઈએ તેવો વિકસ્યો નથી. તેમાંય દામ્પત્ય કે પરિવાર જેવાં ક્ષેત્રોમાં તો પશ્ચિમની તુલનામાં ક્યાંય ઓછો. ધર્મવિભાગો કે પાસ્ટરલ સેન્ટરો દ્વારા આવી વ્યવસ્થાઓ ઊભી થાય અને એ દિશામાં દંપતિઓ કે પરિવારના સભ્યોને પ્રોત્સાહિત કરવાના પ્રયાસો થાય તે તાતી જરૂરિયાત છે.

૬) બદલાતા જાતિમૂલક (જેન્ડર) સંદર્ભો :

પુરુષપ્રધાન સમાજમાં નારીનું સ્થાન અનુઆધુનિકાળમાં સાવ બદલાયું છે. નારીવાદની ચળવળને લઈને સ્ત્રી-પુરુષના જાતિમૂલક સમીકરણો બદલાયાં છે, જેની અસર દામ્પત્યજીવન અને પારિવારિક જીવન પણ પણ પડી છે. પોતાના પ્રાધાન્યથી ટેવાયેલ પુરુષ પતિને હવે પત્નીના નારી તરીકેના અધિકારોનો આદર કરવો પડ્યો છે. જેમાંથી ક્યારેક પતિ અને પત્ની બંને ગૂંગળામણો કે ઘર્ષણો ઉદ્‌ભવે છે. પરિવારમાં સાસુ-સસરા અને વહુ વચ્ચે કે ભાઈ-બેન વચ્ચે પણ જાતિમૂલક તણાવ ઊભા થાય છે. નારી પર નારી તરીકે લાદવામાં આવતાં કૌટુંબિક દબાણોથી દામ્પત્ય જીવન અને પારિવારિક જીવન બંને ઘવાય છે. કન્યાનું નારી તરીકે વરપરિવારમાં સ્થળાંતર કેવળ ભૌગોલિક નથી હોતું પરંતુ જાણે કે નારીના જીવનમાં આવતો એક સાંસ્કૃતિક ભૂકંપ હોય છે - જેના આંચકા જ્યારે નારીએ એકલપંડે જીરવવાના આવે ત્યારે એની પીડા બેવડાય છે. ગ્રામીણ પરણિત સ્ત્રીઓમાં વળગાડ જેવી અનેક મનોસમસ્યાઓનાં મૂળ નારીના આવા સંઘર્ષમાં પડેલાં છે. પિયરનાં પરિચિત પાણીમાં સડસડાટ વહેતી પોતાની નૈયાને બાળી-તોડી પારકાંને પોતીકા કરવાની એની મથામણ સમસ્ત વરપક્ષે વિશેષ સંવેદનશીલતા માંગી લે છે.

૭) સાંસ્કૃતિક વિષમતા :

શિક્ષણ, ધર્મ, જાતિ, ઉંમર, સંપત્તિ, માનસિક પરિપક્વતા કે અન્ય વિષમતાના કારણસર પ્રવેશતી મનોવૈજ્ઞાનિક વિષમતા (Incompatibility) લગ્નજીવનને માઠી અસર પહોંચાડી શકે છે. એક જ ધર્મના વિવિધ સંપ્રદાયો કે ધર્મ-ધર્મ અને જ્ઞાતિ-જ્ઞાતિ વચ્ચે કે ઉંમરની વિષમતા ઘરાવતાં વધતાં જતાં લગ્નો સૈદ્ધાંતિકપણે તો સર્વ ભેદભાવભરી માનસિકતાઓને ઓળંગી જતો એક આવકારદાયક આદર્શ જ ગણાય, પરંતુ વ્યવહારિક કક્ષાએ સમસ્યાજનક ગણાય. એમાં સફળ અપવાદોને બાદ ગણતાં, અનેક આવાં દંપતિઓ પડ્યો પાનો નિભાવી લઈને લગ્નસંસારને ઢસરડી નાંખે છે. આવી સાંસ્કૃતિક વિષમતાઓ ભરી પરિસ્થતિની પરિવાર પર પણ વિપરીત અસરો પડતી જ હોય છે. દંપતિ વચ્ચે તેમજ પરિવારમાં હોવા જોઈએ તેવાં તંદુરસ્ત વાતાવરણ બાબતે ગંભીર સમાધાન કરી લઈને એ લગ્નો કે પરિવારો ખોડંગાતા ખોડંગાતા મંજિલ કાપતાં હોય છે. વધતા જતા મહિલા શિક્ષણ દરને જોતાં વધુ ભણેલી કે કમાતી છોકરીઓને ઓછું ભણેલા કે કમાતા છોકરા સાથે પરણાવવાની ફરજ પડે છે કે પાડવામાં આવે છે ત્યારે દામ્પત્યજીવનનો એકડો પહેલેથી જ અવળો ઘૂંટાય છે.

૮. પરિવાર નિયોજનની મર્યાદા :

આર્થિક કારણોસર પરિવાર નિયોજન અતિઆવશ્યક હોવા છતાં એક જ સંતાન સુધી પહોંચી ગયેલું નિયોજન પરિવારમાં સંતોનાના સામાજિકરણ બાબતે પ્રશ્નો ઉભા કરે જ છે. એક સંતાનીય પરિવારમાં સંતાનનો એકલપેટો સાંસ્કૃતિક ઉછેર સંતાનના વ્યક્તિત્વની મર્યાદા બનીને ઉછરે છે. નારીવાદી યુગમાં પ્રસવ તેમજ બાળ ઉછેરને બોજ માની સંતાનો સાવ ટાળવાનું કે મર્યાદિત રાખવાનું વલણ સ્વસ્થ ભાવિ પેઢી બાબતે ચિંતા ઉપજાવે તેવું છે. આવાં મર્યાદિત પરિવારોમાં સંતાનોના ઉછેરની આગવી સમસ્યાઓ હોય છે.

૯. લગ્નેતર સંબંધો :

નારીવાદી મૂલ્યોનો આદર જાળવીને તેમજ આર્થિક કારણોસર પતિ અને પત્ની બંનેની વ્યવસાય વ્યસ્તતાના અન્ય ઉપદ્રવો પણ જોવા મળે છે. ઘર કરતાં ઓફિસ કે કામના સ્થળે વધુ સમય ગાળવાની પરિસ્થિતિઓને લીધે ઘર કરતાં વિશેષ આત્મીય એવા સંબંધો સહેલાઈથી બંધાય છે. કમ્યુનિકેશન ટેકનોલોજીના અત્યાધુનિક ઉપકરણો એમાં સીધું નિમિત્ત બને છે યા "બળતામાં ઘી" હોમે છે. દામ્પત્ય સંબંધો એકવાર વહેમથી વહેરાઈ જાય પછી તેનું કોઈ અકસીર ઓસડ નથી. લગ્નેતર સંબંધોની હકીકતથી કે વહેમથી વિખરાયેલા દામ્પત્ય સંબંધોથી પરિવાર છીન્ન ભિન્ન થઈ જાય છે. અધિકૃત પતિ કે અધિકૃત પત્ની અને ફ્રેન્ડ કે કલીગના સૂક્ષ્મભેદો એકવાર મનને સદી જાય પછી તો લગ્નેતર સંબંધોની અનૈતિકતા પેટને પચી જાય છે. જોતજોતામાં બધું જ " નોર્મલ" લાગવા માંડે છે. ત્યારે **"પીળાં પર્ણો ફરી નથી થતા કોઈ કાળે જ લીલાં, ભાંગ્યા હૈયા ફરી નથી થતાં કોઈ કાળે રસીલા"** જેવો ચિરકાલીન વિયોગ રચાય છે.

૧૦. પાત્ર પસંદગીનો અવરોધિત અવકાશ :

વૈજ્ઞાનિક સૂઝ વિનાની સામાજિક માન્યતાઓ જેવી કે પિયરમાં ન પરણાવાય, ચોથી પાંચમી પેઢીની માતા પક્ષની સગાઈ, પરગણાંના ભેદભાવ કે પૈસાની લેવડદેવડના પ્રશ્નો, પાત્ર પસંદગીના અવકાશને અતિમર્યાદિત બનાવે છે. પરિણામે પ્રેમસંબંધોને લગ્નમાં પરિણમવાનો અવકાશ જૂજ હોય છે તો પસંદગીના પાત્રને પરણવામાં સામાજિક અંતરાયો નડે છે. ઘણીવાર પોતાની ઈચ્છા કરતાં પરિવારની ઈચ્છાને માન આપીને કે દબાણને વશ થઈને પાત્રવરણી થતી હોય છે. ક્યારેક આવી પાત્રવરણી બાબતની નારાજગી વ્યક્ત કરવાનો મોકો પાત્રને મળી રહે છે તો ક્યારેક હિંમતના અભાવે કે માતપિતાના ઈમોશનલ બ્લેક મેઈલીંગને લઈને પાત્રો લગ્નવિધિમાંથી પસાર થઈ જઈને લગ્નસંસારને આરંભે જ આગ ચાંપે છે, એવાં લગ્નો અને પરિવારો જો ઈશ્વરસર્જિત ચમત્કારથી સવળાં ન થાય તો "ખખડ થતી ને ખોડંગાતી" ડમણીની જેમ આખી જિંદગી કિચૂડ કિચૂડ ઘસડાતાં રહે છે.

નામદાર વડાધર્મગુરુ ચિંધિત લગ્ન અને પરિવાર જીવનની વિધાયક દિશાને ધ્યાનમાં રાખીને ગુજરાતમાં દામ્પત્ય તેમજ પારિવારિક જીવનને મૂલવવાનો આ એક નાનકડો પ્રયાસ એમાં રહી ગયેલી કોઈ અભાવ કે કચાશ તરફ અંગૂલિનિર્દેશની આશા સહ આટોપી લઉં છું.

પરમકૃપાળુ પરમેશ્વર જગતનાં સર્વ દંપતિઓ તેમ જ તેમનાં પરિવારોને પ્રેમના આનંદથી સદા સભર રાખો ! એ જ પ્રાર્થના.

‘દૂત’ પરિસંવાદ કાર્યક્રમનો તસવીર અહેવાલ

પાવન હૃદય
દૂત